ગાંધીનગર સમાચારના અહેવાલથી સન્નાટો

મોડાસા પોલીસ ચોકી પાસે ધામા નાખનાર સેક્સ વર્કરો ગાયબ

ગેસ્ટ હાઉસોને સાપ સૂંઘી ગયો હોય તેવી સ્થિતિ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

શિક્ષણનગરી મોડાસામાં લીઓ પોલીસ ચોકી પાસે સેક્સ વર્કરોના કાયમી ધામા બાદ અન્ય મહિલાઓ અસુરક્ષિત બનતાં શનિવારે ગાંધીનગર સમાચાર દ્વારા આ અંગેના અહેવાલ પ્રસિદ્ધ થતાં સવારથી લીઓ પોલીસ ચોકી વિસ્તારમાં સન્નાટો જોવા મળ્યો હતો. સેક્સ વર્કર મહિલાઓ ગાયબ થઈ જવાની સાથે ચોક્કસ ગેસ્ટહાઉસોમાં રહેતી ચહલ પહલને સાપ સૂંગી ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. સેક્સ વર્કર મહિલાઓના કારણે અન્ય મહિલાઓ શરમજનક સ્થિતિમાં મૂકાતી હોવાના ચોટદાર અહેવાલોને જાગૃત નાગરિકોએ બિરદાવ્યા છે. સેક્સ વર્કર મહિલાઓ નો..દો..ગ્યારાહ થવા પાછળ પોલીસે સૂચના આપી છે કે પછી જાતે જ અંડરગ્રાઉન્ડ થઈ છે..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે પરંતુ સેક્સ વર્કરોની બદી દૂર નહીં થાય તો

આમ પ્રજાજનો આ મુદ્દે આક્રમક બનવાના અણસાર છે.

મોડાસાનો સતત સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. વેપારી મથક, શિક્ષણનગરી ઉપરાંત મેડીકલ હબ તરીકે નગરની ખ્યાતિ દૂર સુધી પ્રસરી છે પરંતુ પોલીસની નબળી કામગીરીના કારણે નગરમાં અનેક ગોરખ ધંધા ધમધોકાર ચાલવા લાગ્યા છે. ચોક્કસ ગેસ્ટહાઉસો કુટણખાનામાં ફેરવાઈ ગયાં છે. સ્થાનિક પોલીસ, એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમ દ્વારા ગેસ્ટહાઉસોમાં તપાસના નામે દેખાડા થતા હોવાથી દેહનો વેપાર ધમધોકાર ચાલવા લાગ્યો છે. મોડાસાની લીઓ પોલીસ ચોકી વિસ્તાર દેહવેપાર માટે બદનામ થઈ રહ્યો છે. સેક્સ વર્કર મહિલાઓ પોલીસની નજર સામે બેસી રહી ચેનચાળા દ્વારા ગ્રાહકોને પટાવી નજીકના ગેસ્ટહાઉસોમાં હવસ સંતોષી રહી છે. છેલ્લા કેટલાય સમયથી સેક્સ વર્કરોના કારણે અન્ય મહિલાઓએ શરમ અનુભવવી પડે તેવો માહોલ ઉભો થયો હતો ત્યાં તાજેતરમાં એક કારચાલકે અન્ય મહિલાને સેક્સ વર્કર સમજી અડપલું કર્યું હતું જેના કારણે ખાસ્સો એવો હોબાળો મચી ગયો હતો. જે અંગેના અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં તા.૨૭ના રોજ પ્રસિદ્ધ થતાં દેહના સોદા કરનારી સેક્સ વર્કરો અદ્રશ્ય થઈ ગઈ હતી. જયારે ટાઉન પોલીસમાં પણ અંડર કરંટ શરૂ થઈ ગયો હોય તેમ ટી.આર.બી. અને અન્ય પોલીસ જવાનો એ દિવસભર વાહનો લઈને આંટાફેરા શરૂ કરી દીધા હતા. જયારે ચોક્કસ ગેસ્ટહાઉસોમાં અહેવાલની અસર જોવા મળી હતી. નાગરના અનેક શિક્ષિત નાગરિકોએ સમાચારની સરાહના કરી શિક્ષણનગરીમાં ગેરકાયદેસર ચાલતા દેહના વેપાર સામે જાગૃત કરવાનો જે પ્રયાસ થયો તેને બિરદાવ્યા છે.

મોડાસામાં સેક્સ વર્કર સમજી કારચાલકે મહિલાનો હાથ પકડતાં હોબાળો

લીઓ પોલીસ ચોકી પાસે સેક્સવર્કરોના કાયમી ધામા : પોલીસ મુક પ્રેક્ષક

પોલીસ ચોકી સામે ગેસ્ટહાઉસોમાં દેહનો વેપાર

મહેસાણા માહિતી ખાતાના કર્મયોગી એસ. આર. શેઠીયાનો વયનિવૃત સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાવતા ટેકનીકલ આસીટન્ટ શ્રી એસ.આર શેઠીયા વયનિવૃત થતાં તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો..મહેસાણા જિલ્લા માહિતી કચેરી પરીવાર દ્વારા શ્રીફળ,સાકર અને સાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કર્મયોગીની ૩૦ વર્ષની ફરજ નિષ્ઠાને બિરદાવી મોમેન્ટો અર્પણ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છેકે માહિતી ખાતામાં એસ. આર. શેઠીયા પાલનપુર કચેરી ખાતે મિકેનીકલ પોસ્ટ ઉપર ૧૭ ફેબ્રુઆરી ૧૯૯૦ના રોજ જોડાયા હતા. ૧૯૯૮ સુધી પાલનપુર ખાતે સેવા બજાવી મહેસાણા ખાતે બદલી થતાં તેઓએ ત્યાર બાદ મહેસાણા જિલ્લા માહિતી મહેસાણા ખાતે પોતાની સેવા ફરજ અદા કરી હતી.

સરળ સ્વભાવ અને સતત મદદરૂપ થવુ તેમની જીવનશૈલી હતી. મહેસાણા માહિતી ખાતામાં તકનીકી સહિત અન્ય કામગીરી સુપેરે નિભાવી હતી. શેઠીયાભાઈએ કરેલ કામગીરી

કર્મયોગીઓની ૩૦ વર્ષની ફરજ નિષ્ઠા બિરદાવી મોમેન્ટો અર્પણ

પ્રશંસનીય હતી તેમજ સમગ્ર કચેરીના સ્ટાફ મિત્રો અને સારા વ્યક્તિત્વ તરીકે ચાહના મેળવી હતી.કોઈપણ પ્રકારની કપરી પરિસ્થિતિમાં પણ સરળતાથી ઉત્તમ કામગીરી બજાવી હતી તેઓ દ્વારા હર હમેશાં સામેની વ્યક્તિને આત્મસંતોષ થાય તે પ્રકારની ઉત્તમ કામગીરીનું ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક આર.આર.તુરીએ જણાવ્યું હતું કે સરકારી સેવામાં નિષ્ઠાપુર્વક કામ કરીએ તો તેની અવશ્ય નોંધ લેવામાં આવે છે.શેઠીયાભાઈએ હમેશાં કર્મચારીઓના સાથ અને સહકારીથી કામ કર્યુ છે.શેઠીયાભાઈ આગળનું જીવન ઉત્તમ અને નિરોગી રહે તેવી શુભેચ્છાઓ માહિતી પરીવાર વતી પાઠવી હતી

આ પ્રસંગે મહેસાણા જિલ્લા માહિતી કચેરી પરીવારના કર્મયોગીઓ દ્વારા શેઠીયાભાઈનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું,આ ઉપરાંત પાલનપુર,પાટણ સહિત માહિતી પરીવારના કર્મયોગીઓ દ્વારા પણ શેઠીયાભાઈનું સ્વાગત સન્માન કરાયું હતું,

શેઠીયાભાઈના સ્વાગત સન્માન સમારોહમાં તેમના પત્ની,પરીવાર સહિત તેમના ભાઈનો પરીવાર પણ જોડાયો હતો.શેઠીયાભાઈએ પણ માહિતી પરીવારનોઆભાર વ્યક્ત કર્યોહતો.

બાયડમાં વેપારીના રૂા.૯૦ હજાર ભરેલા પર્સની તસ્કરી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડમાં ચૂંટણીના માહોલમાં તસ્કરો અને ગઠીયાઓને છૂટો દોર મળ્યો છે. ચોઈલા રોડ ઉપર માલધારી યુવાનને ચા માં કેફી દ્રવ્ય પીવડાવી ગઠીયાઓ ચાંદીનું કડું સેરવી ગયાનો બનાવ ભૂલાયો નથી ત્યાં આ જ રોડ ઉપર વાસણની દુકાન ધરાવતા દિવ્યાંગ નટવરભાઈ પટેલના રૂા.૯૦ હજાર રોકડ ભરેલા પર્સની પળવારમાં દુકાન આગળથી તસ્કરી થઈ જતાં સનસનાટી મચી છે. તસ્કરો વેપારીની નજર ચૂકવી રોકડ રકમ ઉપરાંત જરૂરી દસ્તાવેજો સાથેનું પર્સ ઉઠાવી જતાં પોલીસ ફરિયાદ થઈ છે.

દુકાન ખોલવા સમયે તફડંચી : ચૂંટણીના માહોલમાં તસ્કરો-ગઠીયાઓને છૂટો દોર

બાયડમાં પોલીસની ધાક જેવું કશું રહ્યું ન હોય તે રીતે કાયદો વ્યવસ્થાની સ્થિતિ લકવાગ્રસ્ત બની છે. ગઠીયાઓ અને તસ્કરોની જુગલબંધીમાં ખરીદી અર્થે આવતા ગ્રાહકો અને હવે તો ખુદ વેપારીઓ અસલામત બની ગયા છે. બાયડ તાલુકાના પેન્ટરપુરા ગામના દિવ્યાંગ પટેલ તા.૨૬ના રોજ રાબેતા મુજબ તેઓ ચોઈલા રોડ ઉપરની તેમની વાસણની દુકાને આવ્યા હતા જે સમયે દુકાનનાં તાળાં ખોલાવ સમયે રૂા.૯૦ હજારની રોકડ સાથેનું પર્સ તેમને દુકાન આગળની લોખંડની એંગલ ઉપર મૂક્યું હતું જે સમયે કોઈ તસ્કર વેપારીની નજર ચૂકવી પર્સ ઉઠાવી ફરાર થઈ ગયો હતો. એંગલ ઉપરથી પર્સ ગાયબ થઈ જતાં વેપારીએ હાંફડા ફાંફડા બની શોધ કરી હતી પરંતુ ચબરાક તસ્કર ગણતરીની મીનીટોમાં રોકડ રકમ, બેન્કની પાસબુક, પાનકાર્ડ, એ.ટી.એમ. કાર્ડ તેમજ વેપારીનું ટીફીન પણ સાથે ઉઠાવી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે વેપારીની ફરિયાદના આધારે બાયડ પોલીસે તસ્કરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પરંતુ આસપાસમાં ક્યાંય સી.સી.ટીવી કેમેરા લગાવાયેલા ન હોવાથી પોલીસ તપાસમાં હવામાં બાચકાં મારતી હોય તેવી સ્થિતિ છે.

વિજયનગરમાં અગાઉની અદાવતમાં નાસ્તા ગૃહ ઉપર ઢીસુમ ઢીસુમ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

વિજયનગરમાં નાસ્તા ગૃહ ઉપર ખુરશીમાં બેઠેલા રાજન કમજીભાઈ ભગોરા સાથે થયેલ અગાઉના ઝઘડાની અદાવત રાખી ચંદવાસા ગામના રવી શંકરલાલ ભગોરાએ ખુરશીમાંથી નીચે પાડી દઈ મોંઢાના ભાગે મુક્કા મારતાં ઈજા થઈ હતી. બે યુવકો વચ્ચે ઢીસુમ ઢીસુમ થતાં અન્ય ગ્રાહકોમાં નાસભાગ મચી હતી. બનાવ અંગે પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસની નિષ્ક્રિયતાથી આદિવાસી વિસ્તારોમાં તહેવારો તેમજ ચૂંટણીઓના માહોલમાં અંગત અદાવતો બહાર આવતી હોય છે. સામાન્ય વાતમાં હિંસક હુમલા કાયમી બની ગયા છે. તાલુકાના પડલાઈ ગામના રાજન

યુવકને ખુરશીમાંથી નીચે પાડી ફટકારાતાં નાસભાગ મચી

ભગોરાને એક અઠવાડીયા અગાઉ ચંદવાસા ગામના રવી ભગોરા સાથે રોડ ઉપર જવા બાબતે ઝઘડો થયો હતો. દરમ્યાન તા.૨૬ ના રોજ રાજન ભગોરા વિજયનગરમાં એક નાસ્તા ગૃહ ઉપર ખુરશી ઉપર બેઠા હતા તે સમયે ત્યાં ધસી આવેલા રવી ભગોરાએ અગાઉની અદાવતમાં ખુરશીમાંથી નીચે પાડી દઈ મોંઢા ઉપર મુક્કા મારી મારામારી ઉપર ઉતરી આવતાં લોકટોળું એકત્ર થઈ ગયું હતું. ઉશ્કેરાયેલા ઈસમે ધારદાર હથિયારથી યુવકના ગાલ ઉપર ઈજા પહોંચતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો. એકાએક નાસ્તા ગૃહ ઉપર અંગત અદાવતમાં દંગલ મચી જતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. બનાવ અંગે વિજયનગર પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજના ધડી ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન-સારવાર કેમ્પ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ધડી ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષનો પાંચમો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં ધડીગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો.

વર્ષનો પાંચમો નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો : ધડી ગામ સહિત આજુબાજુમાંથી ૨૦૫ દર્દીઓએ લાભ લીધો : ૬૦ વ્યક્તિઓએ રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું : ૫૮ દર્દીઓનું મફત ઓપરેશન કરી આપવામાં આવશે

પ્રાંતિજ તાલુકાના ધડી ખાતે આવેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વર્ષ નો પાંચ મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં ધડી ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૨૦૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૬૦ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૫૮ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધી ની સગવડ પણ પુરી પાડવામાં આવશે તો સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર કરવામાં આવ્યું હતું તો કેમ્પ ને સફળબનાવવા માટે હોસ્પિટલ ના સ્ટાફ દ્વારા સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો તો શાહિલ રાઠોડ અને સલીમભાઈ દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવી હતી.

ડુંગળી કારાડા પાકના ફુલોનો અદભૂત નજારો...

ગાંભોઈ, તા.૨૭.

ડુંગળીના છોડને પકાવી છોડ પર ફાલતા ફૂલોમાંથી નીકળતા બિયારણને 'ડુંગળી કારાડો' તરીકે ઓળખાય છે. હાલ સાબરકાંઠા જિલ્લામાં રવિ પાકમાં વાવેતર થયેલ આ ડુંગળી કારાડાનો પાક તૈયાર થઈ જતાં ખેડૂતોએ છોડ પરના સફેદ ફૂલોના ગોટાનું લલણી કામ આરંભી દીધું છે.

વાદળિયા આકાશી રંગ નીચે ડુંગળી કારાડાના ઊભા લીલાપાક ઉપર ફાલેલા સફેદ ફૂલોના ગોટાથી આચ્છાદિત સફેદ ચાદર જેવા ખેતરોનો અદભૂત નજારો જોઈ ક્ષણભેર આંખને ઠંડક આપી જોનારાને મંત્રમુગ્ધ કરી દેતાં હોય છે.

ટીંટીસર-સજાપુરમાં જ્યોત દર્શન યાત્રાનું સ્વાગત

ટીંટીસર, તા.૨૭

મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુર ગામે શ્રી આંજણા અર્બુદા ફાઉન્ડેશન પ્રેરીત જ્યોત દર્શન યાત્રા ગામમાં આવી પહોંચતાં ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેસાણા-વિસનગર હાઈવે રોડ ઉપર અર્બુદા ધામ, આંજણા અર્બુદા ફાઉન્ડેશન ગુજરાત દ્વારા અનેક સેવાકીય પ્રકલ્પો ચાલી રહ્યા છે આ ઉપરાંત સેવાકીય પ્રવૃત્તિઓના વિસ્તાર માટે આંજણા પાટીદાર સમાજનો વધુ આર્થિક સહયોગ મળી રહે તેવા આશય સાથે જ્યોત યાત્રા શરૂ કરવામાં આવી છે જે યાત્રા બંન્ને ગામોમાં ઘેર..ઘેર દર્શન અર્થે લઈ જવાતાં ગ્રામજનોએ ધન્યતા અનુભવવાની સાથે પોતાનો યથાયોગ્ય ફાળો નોંધાવ્યો હતો.

અરવલ્લી જીલ્લામાં પ્રાથમિક શિક્ષણ વિભાગે ૨.૪૧ લાખ મતદારોને મતદાન માટે જાગૃત કર્યા

મોડાસા, તા. ૨૭

મતદાન અંગે જાગૃત કરવા '' સ્વીપ '' હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયાં છે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં છેલ્લા એક મહિના વિવિધ કાર્યક્રમ,સ્પર્ધા સહીત કાર્યક્રમો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં યોજી અંદાજે ૨.૪૧ લાખથી વધુ મતદાતાઓને જાગૃત કર્યા

વિવિધ સ્પર્ધા પણ યોજી

અરવલ્લી જિલ્લા સ્વીપ નોડલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અરવલ્લી સ્મિતાબેન પટેલ દ્વારા, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં મતદાન વધુ પ્રમાણમાં થાય તે માટે વિવિધતા સભર પ્રવૃત્તિઓ છેલ્લા એક મહિનામાં કરવામાં આવેલ છે. જેમાં મહેંદી સ્પર્ધા, મતદાન જાગૃતિના સંદેશા વાળા માસ્કનું વિતરણ, સિગ્નેચર કેમ્પેઇન, સાયકલ રેલી, બાઈક રેલી, રંગોળી સ્પર્ધા, વિવિધ બિલ પર મતદાન જાગૃતિના સિક્કા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ઈફસ નિદર્શન, સેલ્ફી કોર્નર, મતદાન જાગૃતિની પ્રતિજ્ઞા, સરકારી લેટર પેડ પર મતદાન જાગૃતિ ના સંદેશ જેવી રસપ્રદ પ્રવૃત્તિઓમાં મહિલા મતદાર, કોલેજના મતદાર, ગામના મતદાર તમામને આવરી લેવામાં આવ્યા હતા. આ તમામ પ્રવૃત્તિઓ દ્વારા ૨૪૧૦૦૦ જેટલા મતદારોને આવરી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક શિક્ષણ વિભાગની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવેલ આ પ્રવૃત્તિઓથી સરેરાશ મતદાન અવશ્ય ઊંચું જવાની આશા સેવાઈ રહી છે

પ્રાંતિજના ગલેસરા ગામની મહિલાના મોબાઈલ પર કેબીસીમાં ૨૫ લાખની લોટરીના મેસેજ કરી ૧.૧૩ લાખની ઠગાઈ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની ગલેસરા ગામની મહિલા સાથે ૧.૧૩ લાખ ની ઠગાઈ થતા મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ત્રણ શખ્સો સામે પોલીસ ફરીયાદ કરવામા આવી છે તો પ્રાંતિજ પોલીસે ગુનોનોધી તપાસ હાથ ધરી.

પ્રાંતિજના ગલેસરા ગામની એક મહિલાના મોબાઈલ ફોન પર વોટસએપથી રૂ.૨૫ લાખ કા લોટરીના મેસેજ મોકલી ગઠિયાઓએ મહિલાને ભોળવી જૂન ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૦ દરમિયાન વિવિધ ખાતાઓમાં રૂ.૧.૧૩ લાખની માતબર રકમ ભરાવી ઠગાઈ આચરવાનો મામલો બહાર આવ્યો છે. ઠગાઈનો ભોગ બનનાર મહિલાને રૂા.૨૫ લાખની લોટરી, ગાડી કે વિવિધ ખાતાઓમાં જમા કરાવેલ રૂા.૧.૧૩ લાખની રકમ પરત ન મળતા વિશ્વાસઘાત સાથે ઠગાઇના મામલે શુક્રવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસકર્મીઓ પણ સમગ્ર ઘટનાને જાણી અચંબામાં મૂકાઈ ગયા હતા. પ્રાંતિજ તાલુકાના ગલેસરા (ગલતેશ્વર) ગામે રહેતા ગૃહિણી પાર્વતીબેન શૈલેષકુમાર પરમારના મોબાઈલ નંબર પર વોટસએપથી બધાઇ હો કેબીસી કૌન બનેગા કરોડપતિસે આપ જીતે હૈ રૂ.૨૫ લાખ કા લોટરી લખાણ લખેલો ફોટો આવ્યો હતો. જે ફોટામાં મોબાઈલ નંબર લખેલો હોઈ પાર્વતીબેને આ નંબર પર ફોન કરતા જીયો કંપનીમાંથી રાણા પ્રતાપસિંહ બોલુ છું તેમ કહી તેમનું આધારકાર્ડ અને આઈ.ડી. પ્રૂફ મોકલી આપો તેવું જણાવાયું હતું.

રૂપિયા ૨૫ લાખની લોટરી સાથે ગાડીની લાલચ આપી ગઠિયા કળા કરી ગયા : પ્રાંતિજ પોલીસે ત્રણ વિરૂધ્ધ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી : જૂન ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૦ દરમ્યાન વિવિધ ખાતાઓમા રૂ.૧.૧૩ લાખની રકમ ભરાવી ઠગાઈ : જિલ્લામા ઓનલાઈન ઠગાઈના કિસ્સા સતત વધી રહ્યા છે

ત્યારબાદ ફોન પર વાત કરનાર શખ્સે મહિલાને વિશ્વાસમાં લઈ પ્રથમ ફાઈલ ચાર્જના રૂા.૮ હજાર બેંક ખાતા નં.૬૦૧૫૮૧૦૧૧૦૦૧૩૫૭૯ માં જમા કરાવડાવી પાર્વતીબેનને રૂા.૨૫ લાખની લોટરી સાથે ગાડીની લાલચ આપી હતી. રૂા.૨૫ લાખની લોટરી સાથે ગાડીની લાલચમાં ગલેસરાની મહિલાએ તા.૧૭ જૂન ૨૦૨૦ થી તા. ૯ જુલાઈ ૨૦૨૦ દરમિયાન વિવિધ બેંક ખાતાઓમાં અલગ અલગ દિવસે રૂા.૧.૧૩ લાખ ઠગ ટોળકીએ જમા કરાવ્યા હતા. મહિલા દ્વારા ગઠિયાઓએ જણાવેલા વિવિધ બેંક ખાતાઓમાં રૂ.૧.૧૩ લાખ જમા થઇ ગયા બાદ પણ જુદા જુદા બહાને મહિલાને લાલચમાં લલચાવી ભરોસો કેળવી વધુ પૈસા પડાવવાની યુકિતઓ પણ અજમાવી હતી.

ત્યારબાદ મહિલાએ લાગેલા રૂ.૨૫ લાખની લોટરી, ગાડી તેમજ વિવિધ બેંક ખાતાઓમાં જમા કરાવેલ રૂ.૧.૧૩ લાખની રકમ માગતા ગઠિયાઓએ ડીંગો બતાવી દેતા મહિલાને લોટરી, ગાડીના નામે પોતાની સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ થયાનો અહેસાસ થતા તેણે સમગ્ર ઘટના અંગે જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત અરજી આપ્યા બાદ શુક્રવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મુન્નાભાઈ નામનો શખ્સ, બેંક મેનેજરની ઓળખ આપનાર શખ્સ, રાણાપ્રતાપસિંગ વિષ્ણુપ્રતાપસિંગ ત્રણેય શખ્સો વિરૂધ્ધ વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ નોંધાવતા પ્રાંતિજ પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસનો દોર શરૂ કર્યો.